**શાંત સુધારસસ્વરૂપ, અતીન્દ્રિય આનંદામૃતના નિત્ય ભોજી, અલ્પકાળમાં અનંત ચતુષ્ટયસ્વરૂપે પરિણમનાર, મુમુક્ષુજીવના આદર્શ એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેહનના ૧૦૮મા મંગલકારી જન્મોત્સવ પ્રસંગે અત્યંત વિનમ્રભાવે દાસત્વભાવે કોટિ કોટિ વંદન...**



**સામાન્ય રીતે તો છેલ્લા–છેલ્લા ૨૦૦–૪૦૦ વર્ષમાં થયેલા જેટલા જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે એમાં આટલી નાની ઉંમરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, સમ્યગ્દર્શન–સ્વાનુભવની પ્રાપ્તિ કરી હોય એવો આ એક રેકોર્ડનો વિષય ગણવો જોઈએ.**

- પૂજ્ય ભાઈશ્રી (અધ્યાત્મસુધા ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૨૮૯)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૮૪, વર્ષ-૨૪, ઓગસ્ટ-૨૦૨૧

## અષાઢ વદ ૧૦, બુધવાર, તા.૧૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૫ પ્રવચન-૩૩

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ થઈ ગયા. તેમણે આ 'યોગસાર' પોતાના સંબોધન માટે બનાવ્યું છે, એમ છેલ્લે લખ્યું છે. પહેલા એમ કહ્યું છે કે, જે ભવભ્રમણથી ભયભીત છે, જેને ત્રાસ લાગ્યો છે તેમને માટે હું બનાવું છે. પછી લખ્યું કે, મેં મારી ભાવના માટે, સંબોધન માટે બનાવ્યું છે. છેલ્લે એ ગાથા છે. 'યોગસાર'નો અર્થ, જુઓ! આ ૮૫ (ગાથામાં) કહ્યું, **'જ્યાં ચેતન ત્યાં સકળ ગુણ,'** એ પાઠ છે. **'જ્યાં ચેતન ત્યાં અનંત (સકળ) ગુણ, કેવળી બોલે એમ; પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.'** આત્મા અનંત ગુણ સંપન્ન એક વસ્તુ (છે), તેની અંતર દૃષ્ટિ, અનુભવ કરવાથી એક આત્માના ગ્રહણમાં અનંત ગુણનું ગ્રહણ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એક ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ગુણરૂપ એકરૂપ, અનંત ગુણરૂપ એકરૂપ (વસ્તુ છે). કેટલા અનંત ગુણ? કે, આકાશના પ્રદેશ છે તેનાથી અનંતગુણા ગુણ છે. આહાહા..! છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ જીવ મુક્તિ, પરમાત્મદશાને પ્રવાહમાં પ્રાપ્ત થાય છે. છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ જીવ મુક્તિ (પામે). અત્યાર સુધીમાં જેટલા મુક્ત થયા તેનાથી અનંતગુણા જીવ નિગોદના એક શરીરમાં છે. એવા એવા જીવ સિદ્ધથી અનંતગુણા છે, જીવથી પુદ્‌ગલની સંખ્યા અનંતગુણી છે, પુદ્‌ગલ કરતાં ત્રણકાળના સમયની સંખ્યા અનંતગુણી છે, તેનાથી આકાશના પ્રદેશની સંખ્યા અનંતગુણી છે. આહાહા..!

આ ભગવાન કહે છે કે, અનંત ગુણ છે. દોષ તો કોઈ ગુણનો અલ્પ દોષ છે. સમજાણું કાંઈ? અનંત ગુણમાં દોષ નથી. કોઈ ગુણની કોઈ પર્યાયમાં અલ્પ દોષ છે. ગુણ તો અનંત અનંત છે. એ અનંત અનંત ગુણ અસંખ્ય પ્રદેશે વ્યાપક (છે). આકાશના પ્રદેશ અમાપ (છે), એનું કોઈ માપ છે? આકાશનો ક્યાં અંત આવ્યો? પછી.. પછી.. પછી.. પછી.. પછી.. (શું)? નાસ્તિકે પણ તર્કથી કહેવું પડશે કે આકાશ છે તેમાં ચાલ્યા જાઓ તો તેનો અંત ક્યાં? અંત હોય તો પછી શું? એવો જ આકાશના ક્ષેત્રનો, પ્રદેશનો પણ અચિંત્ય સ્વભાવ છે, અનંત સ્વભાવ છે, અમાપ ક્ષેત્ર છે. એવા આકાશના અમાપ અનંત પ્રદેશ કરતાં એક ભગવાનઆત્માના અનંત ગુણ છે. ઓહોહો..! એ અનંત ગુણનું એકરૂપ ભગવાનઆત્મા છે. એને અંદરમાંથી વિશ્વાસ આવવો જોઈએ ને! એમ ને એમ કલ્પનાથી, ક્ષયોપશમથી ધારી લે એ વાત નથી. સમજાણું કાંઈ?

અંતરમાં એ ભગવાનઆત્મા(માં) એટલા અનંતાઅનંત અનંતાઅનંત ગુણ વ્યાપક (છે). ભગવાનઆત્મા એવા એકરૂપનો અનુભવ કરવાથી, તેની

ઉપર દૃષ્ટિ દેવાથી, તેને જ્ઞેય બનાવવાથી, ચારિત્રમાં તેને આશ્રય બનાવવાથી, ચારિત્રમાં તેને આશ્રય બનાવવાથી અનંત ગુણની પર્યાય (એક) સમયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ઈ કહે છે, જુઓ! એક '**આત્માનું ગ્રહણ થઈ ગયું ત્યાં આત્માના સર્વ ગુણોનું ગ્રહણ થઈ ગયું...**' કાલે ત્યાં આવ્યું હતું, ભાઈ! બીજો પેરેગ્રાફ. એનો અર્થ કર્યો. આહાહા..! જ્યાં વિકલ્પને અવકાશ નથી. એ અનંતાઅનંત ગુણ જે સ્વભાવસ્વરૂપ, આકાશનો સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ ત્યાં તર્ક ને વિકલ્પ શું કામ કરે? જે જ્ઞાનમાં અમાપ આકાશની પ્રતીતિ થઈ કે, અમાપ.. અમાપ.. એવા પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા અમાપ.. અમાપ.. કોઈ માપ નહિ. ઓહોહો..! એવો ભાવસમુદાય એક આત્મા, ગુણસમુદાય આત્મા. ભાવસમુદાય કહો કે ગુણસમુદાય કહો. તેની અંતર રુચિ કરી એ વસ્તુ પોસાણમાં (આવે). પોસાણને શું કહે છે હિન્દીમાં? પોસાણ, પોસાણ સમજાણું? વેપારીને આ માલ પોસાય છે ને? પોસાતા હૈ. એ અંદર પોસાણ થવું જોઈએ. વેપારી પાંચ રૂપિયે મણ લાવે એના છ રૂપિયા ઊપજે તો માલ લે ને? પોસાતું હોય તો માલ લે કે પોસાયા વિના માલ લે? પાંચ રૂપિયે મણ લે અને સાડા ચારમાં વેચાય (તો લે)?

એમ આત્મામાં એટલા અનંત ગુણ છે તેનું પોસાણ થવું જોઈએ. લક્ષમાં પોસાણ (થવું જોઈએ કે), ઓ..હો...! એકસ્વરૂપ ભગવાન એમાં અનંત સ્વરૂપે ગુણ. કહે છે, ભગવાન એક આત્માને અંતર્મુખ દૃષ્ટિ કરવાથી, પકડવાથી અનંત ગુણની પર્યાય પ્રગટ થવાનું તેમાં આવી જાય છે. શ્રદ્ધા ગુણ પ્રગટ થાય છે, જ્ઞાન ગુણ પ્રગટ થાય છે, ચારિત્ર ગુણ પ્રગટ થાય છે, આનંદ ગુણ પ્રગટ થાય છે, શાંતિ ગુણ પ્રગટ થાય છે, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત ગુણની પર્યાયનો અનુભવ (પ્રગટ થાય છે). સર્વ ગુણાંશ સમકિતની પર્યાયમાં સર્વ ગુણાંશ આવી જાય છે. આહાહા..! જેટલા દ્રવ્યમાં ગુણ છે તેટલી તેની પ્રતીતિ કરવાથી, નિર્વિકલ્પ અનુભવ કરવાથી તેટલા જ ગુણના અંશ પર્યાયમાં પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? પોતાના આત્માનો અનુભવ કરવાથી આટલો લાભ છે. આહાહા..! સમજાણું કાંઈ?



'**એક એક ગુણને ગ્રહણ કરવાથી આત્માનો એકેક અંશ...**' ખંડ ખંડ થઈ જાય છે. આખો આત્મા ગ્રહણ થતો નથી, એ તો ભેદ થઈ જાય છે (તેથી) વિકલ્પ ઊઠે છે. ગુણ પણ અનંત છે તે એક એક ગુણને ગ્રહણ કરવાથી (આત્માનો અનુભવ થતો નથી). એક એક ગુણ (ગણો તો) ત્રણકાળ કરતાં અનંતગુણા ગુણ છે. ત્રણકાળના સમય કરતાં અનંતા ગુણ છે, કેટલાને પકડવા? આહાહા..! એક સમયમાં એક, એક સમયમાં એક. અરે...! અસંખ્ય ચોવીશીમાં એક સમય, એક ગુણ તોપણ પાર ન આવે એટલા ત્રણ કાળ કરતાં અનંતગુણા ગુણ છે. આહાહા..! ભાવ! જેની શક્તિનું સત્ત્વ, તેની સંખ્યાનું અમાપપણું ભગવાને (જોયું છે). '**જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ; પ્રગટ...**' '**ફુદ્દુ**' શબ્દ પડ્યો છે ને? '**ફુદ્દુ**'. '**પ્રગટ અનુભવ આપનો,...**' પ્રગટ શ્રદ્ધા-જ્ઞાનથી તું અનુભવ કર, નિર્મળ પ્રેમથી અનુભવ કર, પુણ્ય-પાપનો પ્રેમ છોડી દે. પરનો પ્રેમ છોડીને ભગવાનઆત્માનો પ્રેમ લગાવો. '**નિર્મળ કરો સો પ્રેમ.**' અનંત ગુણ છે એમ તારી પર્યાયમાં

પ્રગટમાં અને પ્રતીતમાં આવી જશે. અંશરૂપે પ્રગટમાં અને પ્રતીતરૂપે આખો અનંત (આવી જશે). આહાહા..!

આત્મા મહાન પ્રભુ છે એ (વાત) અંતરમાં બેઠી નથી. મહિમા એ પુણ્યની, વિકલ્પની, દયા ને દાન ને ધૂળની (રહી). વીર્યની ઉલ્લસિતતા, ઉલ્લસિતતા (અર્થાત્) હોંશ એ રાગમાં કાં સંયોગમાં કાં અનુકૂળતામાં (ચાલુ રહી). એ હોંશ આગળ ચિદાનંદ ભગવાન અનંત ગુણના પિંડનો અનાદર થઈ જાય છે, અશાતના થાય છે તેની ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં આત્માને પકડવાથી, જ્ઞેય કરવાથી અનંત ગુણો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા, પ્રતીતમાં અનંત ગુણની પ્રતીત થઈ ગઈ, સ્થિરતામાં, અનંત ગુણમાં અનંત ગુણરૂપ એકરૂપ આત્મામાં પણ સ્થિરતા થઈ ગઈ, વીર્ય પણ અનંત ગુણરૂપ એક દ્રવ્યની રચના કરવાના કાર્યમાં વીર્ય પણ એવું કામ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક એક ગુણ ગ્રહણ કરવાથી થાય નહિ પણ અખંડ અભેદ એક આત્માને ગ્રહણ કરવાથી અંદર વ્યાપી રહેલા બધા ગુણોનું ગ્રહણ થઈ જશે. માટે ધર્મી જીવ નિશ્ચળ થઈને એક ભગવાનઆત્મા, બાહ્ય ઉપયોગને બધેથી સમેટીને અંદર ચૈતન્યમાં લગાવે છે. (આ કાંઈ) ભાષા નથી, વસ્તુ છે. ભાષાએ પાર પડે એવું નથી.

ભગવાનઆત્મા... આહાહા..! અનંતાઅનંત અનંતાઅનંત ગુણરૂપ એક પ્રભુ (છે). હું પરમેશ્વર સાક્ષાત્ પ્રભુ હું જ છું, એવી મહિમા આવીને અંદરમાં ઘૂસી જાય તો કહે છે કે, ભગવાનઆત્મામાં સર્વ ગુણ વ્યાપી રહ્યા છે માટે તેનું ધ્યાન કરવાથી મુખ્ય ત્રણે ગુણો પ્રગટ થઈ જાય છે. અનંત તો હોય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પોતાના નિજ એકરૂપમાં ત્રણે અંશ આવી જાય છે. કોઈ કહે કે, ધ્યાન કરવાથી તેમાં દર્શન અને જ્ઞાન (બે જ) આવ્યા, ચારિત્ર ન આવ્યું. મોક્ષમાર્ગની અપેક્ષાએ (એમ નથી.) આમ તો અનંત ગુણ પ્રગટ છે. ભગવાનઆત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રભુ, એમાં દૃષ્ટિ લગાવવાથી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા ત્રણે અંશ તે સમયે પ્રગટ થયા. અનંત ગુણ પ્રગટ થયા. અહીંયાં તો મોક્ષમાર્ગ લીધો છે ને!

'ત્યાં જ સમ્યક્ તપ છે.' જુઓ, સમજાણું કાંઈ? એ સમ્યક્ તપ છે. ભગવાનઆત્મા અનંત ગુણનું એકરૂપ (સ્વરૂપ છે), એવી અંતર દૃષ્ટિ કરવાથી ઇચ્છા ઉત્પન્ન ન થઈ અને અતીન્દ્રિય આનંદની પ્રતપના, અતીન્દ્રિય આનંદનું તપવું, વિશેષ શોભવું, સોનું જેમ ગેરુથી ઓપે છે, શોભે છે, ગેરુ... ગેરુ.. ગેરુને શું કહે છે? સોનું.. ગેરુ. એમ ભગવાનઆત્મા પોતાની ઉગ્ર દૃષ્ટિથી જ્યાં આત્માને પકડ્યો ત્યાં ઇચ્છાનો અભાવ થયો અને અતીન્દ્રિય આનંદથી પ્રતપન એવી દશા પ્રગટ થઈ, તેનું નામ તપ છે. જ્યાં આત્મા ત્યાં અનંત ગુણ પ્રગટ (થઈ જાય છે). સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એકસ્વરૂપે પ્રભુ અંતર્મુખ દૃષ્ટિનો આશ્રય ભગવાનને બનાવ્યો ત્યારે રાગ-દ્વેષનો અભાવ થતાં નિશ્ચય અહિંસાવ્રત પણ થઈ ગયું. અહિંસક પરિણામ થયા. પોતાનો ભગવાનઆત્મા પૂર્ણાનંદને પકડીને દૃષ્ટિમાં લીધો તો અહિંસક પરિણામરાગરહિત પરિણામ ઉત્પન્ન થયા. રાગરહિત પરિણામ ઉત્પન્ન થયા તે જ અહિંસા સત્ય વ્રત છે. અહિંસા સત્ય વ્રત છે. અહિંસાનું સાચું વ્રત છે. દયાના પરિણામ એ અહિંસાનું સત્ય વ્રત નથી. આહાહા..! અહિંસાનું સત્ય (વ્રત) અને અહિંસાનું જૂઠું (વ્રત). ભગવાન તારી ચીજ એવી છે, ભાઈ! આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવની અંતરમાં સન્મુખ થઈને દૃષ્ટિ કરવાથી દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા અને રાગની ઉત્પત્તિ ન થઈ. અંદરમાં એકાકાર થવાથી તેટલું સાચું અહિંસા વ્રત થયું. સમજાણું કાંઈ? પર તરફનું લક્ષ (કરીને) જે અહિંસાનો શુભભાવ (થાય) એ અહિંસા સત્ય વ્રત નથી. એ જૂઠું વ્રત છે. જૂઠાનો અર્થ એ શુભરાગ છે તો ઉપચાર વ્યવહાર છે. વ્યવહાર ઉપચાર છે, નિશ્ચયથી જૂઠું છે. ભગવાનઆત્મા...! અરે..! લોકોને એ કઠણ પડે છે, હોં! આ પરની દયાનો ભાવ... ભાઈ! એ તો રાગ છે ને ભગવાન! એ રાગમાં સ્વરૂપની હિંસા થાય છે. દુનિયા સાથે મેળ ન ખાય તો કાંઈ અટક નથી. વાત તો એમ છે.

ભગવાનઆત્મા આમ પરલક્ષમાં જાય છે તો વિકલ્પ ઊઠે છે, ભાઈ! વિકલ્પ ઊઠે છે તો એટલી નિર્વિકલ્પ સ્વરૂપની હિંસ્યતે.. હિંસ્યતે.. હિંસ્યતે હિંસા થઈ ગઈ. (લોકોને) આ વાત ગોઠતી નથી. કંઈક કંઈક કરીએ તો એમાં કાંઈક છે, કાંઈક છે. પણ રાગ ન કરવો અને સ્વભાવની એકાગ્રતા કરવી તેમાં સુખ છે. આહાહા..! આ દયાધર્મ અહિંસક પરિણામ થવા તે દયાધર્મનું મૂળ છે. એને તો બહારની વાત કહેવી છે. તુલસીદાસને! આ ક્યાં ન્યાં હતું? બધું સાંભળ્યું છે ને, સાંઈઠ વર્ષથી સાંભળીએ છીએ. 'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂળ અભિમાન, તુલસી દયા ન છોડીએ, જબ તક ઘટમેં રામ' એ તો અમે દુકાને બેસતા ત્યારે ઘણા બાવા નીકળતા. ઘણું સાંભળ્યું.

આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે આત્મા, તેની અંતરમાં દૃષ્ટિ કરવાથી એકાકાર થઈને અનુભવ થાય તે જ સત્ય દયા છે, પોતાની દયા છે. સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ!

મુમુક્ષુ : દયા તો કો'કની પળાય ને?

ઉત્તર : દયા પોતાની (પાળે), કો'કની પાળી શકતો જ નથી. (પરની દયા પાળે એ) વાત જ ખોટી છે. પરદ્રવ્યની અવસ્થા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. શું પરદ્રવ્ય વર્તમાન પર્યાય વિનાનું ખાલી છે? 'પર્યાય વિહુમ્ દવ્વમ્' પર્યાયરહિત દ્રવ્ય છે કે એની પર્યાય બીજો કરી દે. કાલે એ આવ્યું હતું. 'પજ્જમ વિહુમ દવ્વમ્, દવ્વમ્ વિહુણં પજ્જમ.' મહા સિદ્ધાંત, મહા સિદ્ધાંત. કોઈપણ પદાર્થ કોઈપણ સમયે પર્યાય વિના હોતો નથી. ભગવાન હવે તારે શું કરવું છે? તારે બીજી પર્યાય કરવી છે? એ પર્યાય વિનાનું દ્રવ્ય છે? અને તું પણ તારી પર્યાય વિનાનું દ્રવ્ય છે? કે, તારું કાર્ય કર્યા વિનાનો રહે? આહા..!

આ તો ઘણી ચોખવટ તો આવી છે, ભાઈ! એટલી બધી વાત ઘણી આવી ગઈ છે. શાસ્ત્રોના અર્થો, સ્પષ્ટીકરણ તો ઘણા (થઈ ગયા). ચાર લાખ સાંઈઠ હજાર તો બહાર આવી ગયા, ચાલીસ હજાર તો ઓણ (આ વર્ષે) છપાવાના છે. ઓલા કહે, એ..ઈ..! એકાંત છે, એકાંત છે. 'ઉદેપુર'માં તેરાપંથમાં વાંચતા હતા ને? એને કહે, એકાંત છે, જાઓ બંધ કરો. વીસપંથીએ તો બંધ કરી દીધું. અરે..! ભગવાન! ભાઈ! એકાંત છે, 'સોનગઢ'નું સાહિત્ય એકાંત છે. તેરાપંથી ખાનગીમાં કહે, આમ ખુલ્લું ન કહે. અરે...! પ્રભુ! તેં સાંભળ્યું નથી, પ્રભુ! તારો પંથ, તારો પંથભગવાનનો પંથ શું છે? ઓ..હો...! વાત એને એમ લાગે કે, રાગથી આત્મામાં કાંઈક લાભ થાય અને નિમિત્તથી કાંઈક કાર્યમાં ફેરફાર થાય તો નિમિત્તની નિમિત્તતા રહે છે અને રાગશુભરાગથી આત્મામાં કાંઈક લાભ થાય તો શુભરાગની શુભરાગતા રહે છે. ભગવાન! એમ નથી, હોં! આહાહા..!

મુમુક્ષુ : અશુભમાંથી બચે.

ઉત્તર : અશુભથી બચે એ ખરેખર તો સ્વરૂપની દૃષ્ટિને કારણે બચે છે. નહિતર તો જ્યાં દૃષ્ટિ રાગ ઉપર છે ત્યાં બચ્યો ક્યાંથી? મિથ્યાત્વભાવ તો છે. રાગની રુચિ છે ત્યાં મિથ્યાત્વભાવ તો છે, તો અશુભ તો મિથ્યાત્વ છે, બચ્યો ક્યાંથી? આહાહા..! ભાઈ! માર્ગ એવો છે, હોં! આ કોઈ કલ્પનાની વાત નથી. વસ્તુ જ એવી છે. એમાં કરવું શું? ભગવાને શું કર્યું છે? ભગવાને બનાવ્યું છે? કહ્યું છે એટલે બનાવ્યું છે? એમણે તો જાણ્યું એવું કહ્યું. એવી ચીજ જ છે, અનાદિની ચીજ છે, એમાં તારે શું (કરવું છે)? એમાં ગડબડ કરે તો નહિ ચાલે. આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા એ રાગ-દ્વેષના અભાવથી પોતાના સ્વરૂપમાં એકાકાર થયો. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ' એમાં આ જરીક પર્યાય લ્યે છે. ગુણ તો અનંત છે, પણ પોતાના સ્વરૂપની એકાગ્રતા કરવાથી ત્યાં અહિંસા (થાય છે). એક એક ગુણની, અહિંસા ગુણની પર્યાય પણ પ્રગટ થાય છે. એ સ્વનો આશ્રય કરવાથી સ્વનો આશ્રય કરવાથી અહિંસાની પર્યાય પણ પ્રગટ થાય છે, એમાં કોઈ (ગુણ) બાકી રહેતો નથી.

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૪૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૧-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૦૬ (વિષય : માર્ગદર્શન)**

**અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં જેને ગલગલિયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. ૨૪૫.**

પાનું-૬૫. ૨૪૫ બોલ છે. '**અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં જેને ગલગલીયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી.**' અનુભવપ્રધાન વાત છે. સામાન્યપણે પ્રતિકૂળતાનો ઉદય આવે છે ત્યારે અણગમો થાય છે. કોઈપણ પ્રકારની નાની-મોટી પ્રતિકૂળતા થાય છે એ પૂર્વના અશુભ પરિણામનું ફળ છે. એ અશુભનું ફળ આવે છે ત્યારે અણગમો થાય એવું સર્વસામાન્ય જીવોનું પરિણમન છે. તમામ જગતના પ્રાણીને પ્રતિકૂળતામાં અણગમો થાય છે એ અશુભના ફળ પ્રત્યેનો દ્વેષ છે એમ કહેવું છે. એ પ્રકારના પરિણામમાં એને માન્યતા સાથે શું સંબંધ છે?

જુઓ! અહીંયાં આચરણના પરિણામને અને માન્યતાના પરિણામને કયા પ્રકારે સંધી છે એ વિષય છે. જે પ્રતિકૂળતામાં અણગમાના પરિણામ થાય છે તે સામાન્ય રીતે જીવના પરિણામનું આચરણ છે. એ આચરણને અને એ માન્યતાને શું સંબંધ છે એ અહીંયાં ખોલીને કહે છે, સ્પષ્ટ કરીને કહે છે કે એવું આચરણ થતાં એણે અશુભભાવને હેય માન્યો નથી. અશુભભાવ હેય હોય તો અશુભના ફળમાં એને દ્વેષ ન આવવો જોઈએ. આમ કહે છે. જ્ઞાનીને અશુભના ફળમાં ખરેખર દ્વેષ નથી આવતો. એ જાણે છે, એને જ્ઞાન છે કે પૂર્વના કરેલા પરિણામનું આ ફળ છે. અસ્થિરતાને લઈને જેટલો અણગમો થાય છે એ પણ યોગ્ય નથી એમ જાણે છે. નહિતર તર્ક કરે કે પણ અશુભના ફળમાં એમનો અણગમો તો દેખાય છે. તો કહે છે કે એ અણગમા પ્રત્યે પણ એમને ઠીક નથી થતું. એમ થાય છે તે ઠીક નથી થતું એવું વલણ છે. એવું નથી સામાન્ય જીવની જેમ કે પ્રતિકૂળતામાં તો અમને આમ જ થાયને. અને આમ જ ન થાય તો બીજું શું થાય? પ્રતિકૂળતામાં તો દ્વેષ અણગમો જ થાયને. તો કહે છે કે એ પ્રકાર છે એ તો અશુભને હેય નહિ માનવું એમ સિદ્ધ થાય છે, એમ પ્રદર્શિત થાય છે. એટલે કે અશુભને ઉપાદેય માન્યું છે. એણે અશુભભાવને હેય માન્યો નથી. તેમાંથી એ નીકળે છે કે એણે અશુભભાવને ઉપાદેય માન્યો છે. આ પરિસ્થિતિ છે.

કોઈ એમ કહે કે અમે તો અમારી સમજણથી એવું સમજ્યા છીએ કે અશુભ તો હેય છે એમ નહિ પણ શુભ પણ હેય છે. એવી અમારી સમજણ છે. તો કહે છે કે તારી માન્યતાને શું સંબંધ છે અહીંયાં એ સવાલ છે. સમજણમાં બુદ્ધિગમ્ય કર્યું હોય પણ માન્યતા અંદરમાંથી ન ફરે તો એ બુદ્ધિગોચર કરેલી સમજણ નિરર્થક જશે. એનું કોઈ સાર્થકપણું નહિ થાય. સમજણના ફળમાં માન્યતા બદલાય એ ખરેખર સમજણનું કાર્ય છે. પર્યાપ્ત કાર્ય છે. નહિતર એ સમજણનું અપર્યાપ્ત કાર્ય છે અથવા

એ સમજણ સમજણ તરીકે કામ નથી કરતી.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના ઉપદેશમાં માન્યતાનો વિષય મુખ્ય હતો. જ્ઞાનના અનેકવિધ પ્રકારના પરિણામમાં માન્યતા ક્યાં અનાદિની મિથ્યાપણે એમ ને એમ રહી છે અને ક્યારે ફરે છે, એ વિષયમાં ઘણો ખુલાસો થયો, ઘણું સ્પષ્ટીકરણ આવ્યું. એવી રીતે શુભાશુભ ઉદયના કાળમાં જે કોઈ જીવનું રાગ-દ્વેષવાળું આચરણ થાય છે, એમાં માન્યતા ક્યાં ફરી અને ક્યાં ન ફરી? એ વિષયમાં પણ ઘણો ખુલાસો એમણે કર્યો, ઘણું સ્પષ્ટીકરણ આવ્યું. અને માન્યતાના વિષયમાં પણ આમ માનું છું... આમ માનું છું... એમાં ખરેખર અંદરથી માન્યતા ફરી છે કે નહિ? કે નથી ફરી? એ વિષયમાં પણ ઘણું સ્પષ્ટીકરણ થયું. ટૂંકામાં મુમુક્ષુજીવ કોઈપણ પ્રકારે ભૂલ ટાળી શકે એવું ઘણું સ્પષ્ટ વક્તવ્ય ઘણા વર્ષોનો કાળ ઉપદેશનો રહ્યો એટલે ઘણી વાતો બહાર આવી. એમાં અહીંયાં આચરણ પ્રધાન વાત છે.

**'અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે...'** અણગમો છે. અથવા અશુભ કર્મનો ઉદય આવે અને બહારમાં કોઈને કોઈ પ્રકારે આકરો પ્રતિકૂળતાનો ઉદય આવે ત્યારે જીવને દુઃખના પરિણામ થાય, ત્યારે એને અજ્ઞાન અને મિથ્યા માન્યતાને તપાસવા જોઈએ. અથવા એણે એમ સમજવું જોઈએ કે આ દુઃખ થાય છે એ અજ્ઞાન અને મિથ્યાત્વનું કારણ છે. મિથ્યાત્વ અને અજ્ઞાનને લઈને દુઃખ હોય છે. જ્ઞાને કરીને દુઃખ થતું નથી. સુખ-દુઃખને આ સંબંધ છે. દુઃખનું કારણ અજ્ઞાન છે અને સુખનું કારણ જ્ઞાન છે. જગતની અંદર વીતરાગદેવે સ્થાપિત કરેલો આ સિદ્ધાંત છે કે જ્ઞાન છે તે એકાંતે સુખનું કારણ છે અને દુઃખનું કારણ એકાંતે અજ્ઞાન છે. આ સિવાય દુઃખનું કોઈ કારણ છે નહિ. તેથી દુઃખ ટાળવા માટે અજ્ઞાન અને મિથ્યાત્વને ટાળવું જોઈએ એમ ફલિત થાય છે.

એ જ પ્રકારે શુભભાવના ફળમાં જેને મીઠાશ આવે છે, ગલગલીયા થાય છે એટલે મીઠાશ આવે છે, અનુભવપ્રધાન ભાષા લીધી છે. અનુભવમાં શું થાય છે એ ભાષા લીધી છે. તો કહે છે કે **'એણે શુભભાવને હેય માન્યો નથી.'** જેને શુભના ફળમાં એટલે અનુકૂળતામાં ઠીકપણું, ઈષ્ટપણું, મીઠાશ વેદાશે તે જરૂર પ્રતિકૂળતામાં દ્વેષને વેદ્યા વિના, દુઃખને વેદ્યા વિના રહી શકશે નહિ. કેમકે એ તો સામે સામા આઘાત-પ્રત્યાઘાતનો જ વિષય છે. બેય સામે સામે શુભ-અશુભ પ્રતિપક્ષ છે. આઘાત-પ્રત્યાઘાત એના સરખા જ આવે છે.

એટલે એમ કહે છે કે એણે શુભભાવને ખરેખર હેય માન્યો નથી. પણ હેય માન્યો છે એમ તો અમે વિચારીને નક્કી કર્યું છે. કે એ વિચારીને નક્કી થયું છે કે નહિ એનું સ્પષ્ટ લક્ષણ આ છે કે તને અનુકૂળતામાં મીઠાશ આવે છે કે નહિ? પ્રતિકૂળતામાં અણગમાનો દ્વેષ થાય છે કે નહિ? અને એ પ્રકારે જો થતું હોય તો પૂર્વે જે અનાદિ કાળથી થઈ રહ્યું છે એની એ પરિસ્થિતિ ચાલુ રહી છે. આ વાત સમજતાં પરિસ્થિતિમાં પહેલાં તબક્કે એટલો ફેર આવવો જોઈએ કે એને સર્વ ઉદયના કાળમાં જાગૃતિ વર્તવી જોઈએ.

મુમુક્ષુતાનું એ લક્ષણ છે કે એને સર્વ ઉદયના કાળમાં જાગૃતિ વર્તે. જાગૃતિ આવે એ મુમુક્ષુતા આવે છે. ઈષ્ટ અને અનિષ્ટપણું જે-તે પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં થાય છે ત્યાં ભલે જ્ઞાન ન થયું હોય, હજી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ભલે ન પ્રગટ થયું હોય પણ આ વાત સમજણની ભૂમિકા ઉપર આવી તો એનું તો કોઈ ફળ હોવું જોઈએ કે નહિ કે જેના કારણે એ સમ્યગ્દર્શન અને સમ્યાગ્જ્ઞાન સુધી આગળ વધી શકે? એવી તો કોઈ એની ભૂમિકા આવવી જોઈએ કે ન આવવી જોઈએ? કે એ ભૂમિકા એની જાગૃતિની ભૂમિકા છે. એ ચોંકે છે, જાગૃત રહે છે અને થઈ જાય છે અનુકૂળતાની મીઠાશનો પણ એને ખેદ આવે અને પ્રતિકૂળતામાં દુઃખભાવ થાય એનો પણ એને ખેદ આવે. જ્ઞાનીને એથી ભિન્નતા વર્તે.

અહીંયાં હજી જ્ઞાનદશા નથી પ્રગટ થઈ એવા મુમુક્ષુને એકત્વપણે થઈ આવે છે તો એને એનો ઘણો ખેદ આવે

છે. કેમકે એની જાગૃતદશા છે માટે એનો એને ખેદ આવે છે. એ રીતે એની માન્યતામાં ફેર થઈ જવો જોઈએ એમ કહે છે. આ એનું મીટર છે—માપપટ્ટી છે કે અનુકૂળતામાં મીઠાશ અને પ્રતિકૂળતામાં દ્વેષ બંને પ્રકાર માન્યતા સાથે આ રીતે સંબંધ ધરાવનારા પરિણામ છે. અને મૂળમાં માન્યતા નહિ ફરે ત્યાં સુધી બીજી કોઈ વાત ફરવાની નથી. એ મૂળ વાત છે.

એટલે એ રીતે આચરણપ્રધાન, પરિણામના આચરણ પ્રધાન લક્ષણથી માન્યતાના સંબંધને પ્રદર્શિત કરીને એ માન્યતામાં સુધારો થવો જોઈએ એ વાતનું અહીંયાં ધ્યાન ખેંચ્યું છે. નહિતર માન્યતાનો વિષય એ જરા વધારે સૂક્ષ્મ છે. ઊંધી માન્યતા જલ્દી પકડાતી નથી. પોતાનીને પોતાની માન્યતાની ભૂલ એને સમજાતી નથી. અને શાસ્ત્રપાઠી જીવો તો એવા ભ્રમમાં રહી જાય છે, બફમમાં રહી જાય છે કે અમે બરાબર સમજ્યા છીએ એટલે અમારી માન્યતામાં પણ ફેર થઈ ગયો છે. પણ અહીંયાં તો એને સ્થૂળ લક્ષણ દ્વારા બતાવ્યું કે તને પ્રતિકૂળતાનો ઉદય આવ્યો ત્યારે તને દુઃખ થયું? અનુકૂળતા તારી સચવાણી એમાં તને મીઠાશ રહી? તો તારી માન્યતા હજી એમાં કોઈ ફેર પડ્યો છે એ વાત રહેતી નથી. એકદમ પરિણમનમાં પણ માન્યતા કેમ પકડવી? ચાલુ ઉદયના કાળમાં જે કાંઈ પોતાના પરિણામને તપાસવું છે, અવલોકન કરવું છે અને મુમુક્ષુતાની ભૂમિકામાં અવલોકનના અભ્યાસે ચડવું છે એને આ બધી પ્રયોગની પદ્ધતિ શીખડાવે છે. પ્રયોગાભ્યાસની આ બધી પદ્ધતિ છે. એ ૨૪૫ બોલ થયો.

**બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઊલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ૨૪૬.**

૨૪૬. એ જે ૨૩૮ છેને એમાં પણ એનું અનુસંધાન તો લાગે જ છે. એ તો બધામાં હવે લાગુ કરવા જેવો બોલ છે. અશુભમાં એને દ્વેષ થયો તો એણે કિંમત આપી દીધી, ઉદયની કિંમત આપી દીધી. શુભમાં એને મીઠાશ આવી તો એણે પણ ઉદયની કિંમત આપી દીધી. જ્યાં એણે કિંમત આપી ત્યાં એણે અધિકાઈ કરી. જેણે પરમાં અધિકતા રાખી એણે આત્માને જ્ઞાનસ્વભાવને અધિકતા આપી નથી.

'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને..' જ્ઞાનસ્વભાવ દ્વારા આત્માને જે અધિક જાણે છે તે બહારમાં ઇન્દ્રિયોને જીતે છે અથવા અનુકૂળ-પ્રતિકૂળ ઉદયને એ જીતે છે. એ જે વિષય છે એ પણ 'અધિક' શબ્દ કિંમત આપવા માટે છે. ઓળખીને જેને શુદ્ધાત્માની, પરમાત્માની કિંમત અને અધિકાઈ આવે છે એને શુભાશુભ પ્રસંગો પોતાથી—મારાથી ભિન્ન હોવાથી તે ખરેખર અનુકુળ-પ્રતિકૂળ ઉદયો મારા સ્વરૂપને વિષે અકિંચિત્કર છે, ભિન્ન હોવાથી મને લાગુ પડતા નથી. સંયોગોની અનુકૂળતા મને લાગુ પડતી નથી, પ્રતિકૂળતા પણ મને લાગુ જ પડતી નથી. તેથી એ સંબંધી ઉપાધિ મારા આત્મામાં આવતી નથી.

જ્ઞાનસ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા એવો સ્વભાવ જાણનાર માત્ર જ રહે છે, માત્ર જાણનાર રહું છું એવી સ્વરૂપ જાગૃતિ પૂર્વક શુભાશુભભાવમાં ખેદાય નહિ, ખેંચાય નહિ, અશુભમાં ખેદાય નહિ અને શુભમાં ખેંચાય નહિ એ પ્રકારની એની અભ્યાસની, અંતર અભ્યાસની જો પદ્ધતિ ચાલે તો જ એ દિશામાં સમ્યગ્દર્શન પર્યંત સુધી એને પહોંચવાનો અવસર આવે. નહિતર બીજી કોઈ રીતે આવી શકે નહિ.

૨૪૬. '**બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક**

**ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઊલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે.**' આ પણ એક બાહ્ય દૃષ્ટિવાન જીવો બાહ્ય ત્યાગ કરે છે. વ્રત, નિયમ, સંયમ અંગીકાર કરે છે છતાં ધર્મ પ્રાપ્તિ કરવાને બદલે મિથ્યાત્વરૂપી અધર્મની પુષ્ટિ ઘણી કરી જાય છે. એવો એક પ્રકાર ભજે છે તેની સામે લાલબત્તી મૂકી છે.

મુમુક્ષુ :- શલ્ય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- શલ્ય-શલ્ય. શલ્ય એટલે શું (કે) ગાંઠ પડી જાય છે. શલ્ય છે એ એક કષાયની ગાંઠ છે. એ ગાંઠ પડી જાય છે એ છૂટતી નથી. એને એમ થાય છે. કેવી ગાંઠ પડી જાય છે? કે હવે મારા આત્મામાં મેં ધર્મની દિશામાં વિકાસ કર્યો છે એવી એને ગાંઠ પડી જાય છે. કેમકે બહારમાં એણે વ્રત લીધું, બહારમાં એણે ત્યાગ કર્યો, કપડા છોડ્યા એટલે મુનિદશા અંગીકાર કરી. એ પ્રકાર આવ્યો. '**ત્યાં એને એમ થઈ જાય છે કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો!**' આટલું તો કરું છું. બીજાઓ નથી કરતા એવું હું કાંઈક કરું છું. અને તે ધર્મબુદ્ધિથી હું કરું છું એમ એને લાગે છે.

અંદરમાં મિથ્યાત્વ છૂટી અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ ધર્મમાં આગળ વધવામાં પહેલું પગથિયું છે. એ દિશામાં આગળ વધવાને બદલે એ બાજુની ઉપેક્ષા કરીને, એ પ્રકારમાં વિકાસ કરવાની ઉપેક્ષા કરીને બહારમાં વ્રત, નિયમ, સંયમમાં પોતાની શક્તિને રોકી, શક્તિ રોકીને ત્યાં એણે? ત્યાં એણે માન્યતામાં ઊંધું માર્યું એટલું કે હું ધર્મમાં આગળ વધ્યો. ધર્મ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ છે. હજી સમ્યગ્દર્શન થાય, મિથ્યાદર્શન મટે એવું કાંઈ કર્યા વિના મેં ધર્મ કર્યો, મેં ધર્મ કર્યો નહિ તો ધર્મ માટેનું કોઈ કારણ ઊભું કર્યું. લ્યો ઠીક! આમ વિચારે છે.

આપણે ત્યાં તો આટલું સમજ્યા પછી કોઈ સીધું એમ ન કહે કે મેં ધર્મ કર્યો. 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું છે એટલે કોઈ એમ ન કહે કે અમે ધર્મ કર્યો. પણ ધર્મ નથી કર્યો પણ ધર્મનું કારણ તો ખરું ને? થઈ રહ્યું. એ બે એક જ વાત થઈ ગઈ પાછી ત્યાં એને માટે. ઠીક!

મુમુક્ષુ :- ચારિત્ર ખલુ ધમ્મો.

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્ર ખલુ ધમ્મો. પણ એ ચારિત્ર ઉપયોગની શુદ્ધતા અને સ્વરૂપસ્થિરતા એ ચારિત્ર છે. એ સમ્યગ્દર્શનપૂર્વક થાય છે. હજી મૂળમાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ ન પ્રગટ્યો હોય ત્યાં ચારિત્ર ખલુ ધમ્મો—એ ચારિત્ર ધર્મ પ્રગટ થયો છે એ તો વળી એને ચારિત્રના વિષયમાં મિથ્યા માન્યતા થઈ. એ શલ્ય થયું નવું પાછું એમ કહે છે. એ શલ્ય ગરી ગયું એને. ધર્મના બહાને એટલે જે ધર્મના પરિણામ નથી અને જે જડની ક્રિયા છે અને આત્માની ક્રિયા નથી એમ બંને પ્રકારમાં—જડની ક્રિયામાં આત્માની ક્રિયા માની અને શુભ પરિણામમાં ધર્મના પરિણામ માન્યા—એ બંને એણે માન્યતાના વિષયમાં ભૂલ કરી છે. એમ કહેવું છે અહીંયા.

આત્માનું ભાન પહેલા કરવું જોઈએ. સર્વ શક્તિ. જ્ઞાનની શક્તિ, પુરુષાર્થની શક્તિ બે મુખ્ય છે. જ્ઞાનબળ અને પુરુષાર્થબળ. અને લ્યોને, આ ચારિત્રબળ આ વ્રત, સંયમ અંગીકાર કરે એને ચારિત્રબળ કહો. એ બધા ગુણોના પરિણામને પ્રથમમાં પ્રથમ આત્મભાન કરવામાં, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં એ શક્તિને જોડવી જોઈએ. એનો ઉપયોગ પહેલાં ત્યાં કરી લેવો જોઈએ. એ ઉપયોગ કરતા સહજ સહજપણે કષાયની મંદતા રહે અને વ્રત, નિયમ, સંયમ લે તોપણ એ ગૌણ એને રાખશે. એ તો ઠીક છે. હવે સહેજે સહેજે આપણાથી થાય છે એટલે આપણે અશુભમાં જતા નથી. પણ એની એવી મુખ્યતામાં રહે કે આ મેં કર્યું એટલે ધર્મ અથવા ધર્મનું કારણ કર્યું, તો કહે છે એણે શલ્ય વધારીને મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ગુણ પ્રાપ્તિ કરવાને બદલે એણે અવગુણની પ્રાપ્તિ કરી છે. પણ પ્રભુ! અમે તો વ્રત અંગીકાર કર્યું, નિયમ પાળ્યા, સંયમ લીધો એમાં અવગુણ શું કર્યો અમે? એમાં અવગુણ કર્યો અમે એ વાત કેમ અમને બેસે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા તો આત્માની વાતો કરીને શુષ્કજ્ઞાનમાં ચાલ્યા જાય છે, અમે તો કાંઈક રીતસર આચરણમાં વાત મૂકી છે. પણ લોકોને એવું બહારમાંથી બાહ્યદૃષ્ટિએ એમ લાગે છે કે આચરણ હોવું જોઈએ. આચરણની વાત મુખ્ય કરો. આચરણ હોવું જ જોઈએ, આચરણ હોવું જ જોઈએ. આચરણ વિના અમે કાંઈ ન માનીએ. પણ ભાઈ! આચરણ તો કોઈપણ ગુણના પરિણમનને તે ગુણનું આચરણ કહેવામાં આવે છે. શું? કોઈપણ ગુણના પરિણામના તે ગુણનું આચરણ ગણવામાં આવે છે. માન્યતાનું પરિણમન થયું, મિથ્યાત્વ તે માન્યતાનું મિથ્યા આચરણ છે. તે જ માન્યતા સવળી થઈ તે માન્યતાનું સમ્યક્ આચરણ છે. એ રીતે જ્ઞાનાચરણ, એ જ રીતે ચારિત્રનું આચરણ, એ જ રીતે પુરુષાર્થનું આચરણ. એટલેતો એવા શબ્દો આવે છે. પંચાચાર કહે છે કે નહિ? આચાર એટલે આચરણ. પંચાચાર શબ્દ આવે છે શાસ્ત્રમાં. દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને સુખ અથવા તપ. તપ કહે છે એને. શું કહે છે? તપ કહે છે. તો એ દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીર્ય અને તપ એ પાંચેય ગુણના પરિણામને ત્યાં આચરણ કહ્યું છે. એ આચરણની વાત છે. એક એક ગુણનું પરિણમન થવું તે ગુણનું આચરણ છે.

તો કહે છે કે આત્માની સિદ્ધિ માટે એક મુખ્ય લાઈન અનુભવપૂર્વક અનંત કાળના જિનેન્દ્રો અને સર્વજ્ઞો દ્વારા એ વાત નિશ્ચિત થયેલી છે. આપણે નથી કહેતા કે ભાઈ કોઈ કામ કરવું હોય તો એની લાઈન ફિક્સ કરો, લાઈન ચોકપ કરી નાખો કે આ જ પદ્ધતિએ હવે આપણે કામ કરવું છે અને બીજી-ત્રીજી પદ્ધતિએ કામ નથી કરવું. તો કહે છે કે અનંતકાળના જિનેન્દ્રોએ અને સર્વજ્ઞોએ આ વિષયની અંદર માર્ગને નિશ્ચિત કર્યો છે, નિયત કર્યો છે ત્રણે કાળને વિષે. કે પ્રથમમાં પ્રથમ આચરણને વિષે પણ તારે તારા મિથ્યા આચરણને બદલવું અને સમ્યક્ આચરણ કરવું. એમ. એ કરવા જતા એ કાળે તને બહારમાં વ્રત, નિયમ, સંયમ ન હોય તો એનો તને દોષ નથી. કેમકે પ્રથમ સમ્યગ્દર્શન થતાં હજી પણ અવિરતીપણું ચાલુ રહેશે. એ સમ્યગ્દર્શન પહેલાં જે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે જે તૈયાર થયો છે એને બહારમાં જો વ્રત, નિયમ, સંયમ ન હોય તો એનો એને એટલો દોષ નથી. સહેજે થઈ શકે અને રહી શકે તો એને કાંઈ પરાણે અસંયમમાં જવું એ પણ પ્રશ્ન નથી. પણ એ ધર્મ છે કે ધર્મનું કારણ છે એ તો ભૂલથી પણ એ શલ્યમાં આ જીવ ન આવી જાય એના માટે અહીંયાં લાલબત્તી મૂકી છે, ચેતાવ્યા છે.

'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ એક વચન કહ્યું છે કે શ્રીગુરુએ માર્ગને સુગમ કર્યો છે. એવો એક શબ્દ વાપરે છે. એટલે કે માર્ગમાં ભૂલ ન થાય એવી સુગમતા અનેક પ્રકારના પડખાઓને સ્પષ્ટ કરીને શ્રીગુરુ કહે છે, સમજાવે છે.

મુમુક્ષુ :- અનાદિનો અભ્યાસ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ ખરેખર શું છે કે અંતરદષ્ટિ જેને કેળવવી છે અને અંતરંગ ફેરફારપૂર્વક જેને આગળ વધવું છે એણે તો બાહ્ય ફેરફાર ઉપર નજર નહિ રાખવી, બાહ્ય ફેરફારને ગૌણ કરવા અને અંતરંગ પ્રયત્નમાં, અંતરંગ માન્યતામાં અંતર ફેરફાર ઉપર વધારે લક્ષ દેવું ઘટે છે. અને બહારમાં તો આ જીવે અનેક વાર ફેરફાર કર્યા છે, અનંત વાર ફેરપાર કર્યા છે છતાં એ એને કોઈ પોતાની આત્મસિદ્ધિ માટે સાર્થક થયું નથી, નિરર્થક ગયું છે. બધું કર્યું છે એણે ઘણું પણ એ બધું એને નિરર્થક ગયું છે. એટલે એની સાર્થકતા થાય એના માટે આ સાચો રસ્તો શ્રીગુરુ બતાવે છે. સાચો રસ્તો આ છે એમ કહે છે.

અમે આ રસ્તે ચાલ્યા છીએ. અનંત જિનેન્દ્રોએ પોતાના અનુભવને કહ્યો છે. અનુભવથી અમે આ વાત સિદ્ધ કરી છે અને અનુભવપૂર્વક આ વાતને બતાવીએ છીએ. આ પ્રકારે તમે આ માર્ગમાં વિકાસ કરશો તો તમને એની ફળશ્રુતિરૂપ સિદ્ધિ આવશે અને નહિતર અન્યથા પ્રકારે બીજો ઉપાય કરશો તો એ બધો તમારો પરિશ્રમ

વ્યર્થ જશે. એ પુરુષાર્થ બધો નકામો જશે. એમ કહેવા માગે છે. જગતમાં જે ધર્મના સંપ્રદાયો છે...

... વિષય જૈનદર્શનમાં છે એ જગતના કોઈ દર્શનમાં નથી એમ ચેલેન્જ મારીને કહી શકાય એવું છે. એટલો આ વિષય આની અંદર સ્પષ્ટ છે અને આ પાયાનો વિષય છે. એ સિવાયનો જ્ઞાન-ચારિત્રનો વિષય બધો ઊંધા ઘડા ઉપર ઊંધા ઘડા રહે એવો છે. એકેય વાત સવળી ગણી શકાય નહિ. કેમકે જન્મ-મણને નકારનાર એવું જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ આત્મસિદ્ધિના પાયાનો વિષય છે, પાયો જ ન હોય એનું મકાન હોય એ વાત માનવા જેવી નથી.

મુમુક્ષુ :- .. વધારે પડતું ગૌણ નથી થઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં શું છે કે સામાન્ય રીતે જીવ પરિપૂર્ણ શુદ્ધિરૂપ ધ્યેયને નક્કી કરે છે કે મારે તો મારું સંપૂર્ણ શુદ્ધપણું જોઈએ. કષાયનો એક કણ પણ મને ન જોઈએ. એવો જે મોક્ષાર્થી છે, મોક્ષ અભિલાષી છે અથવા પૂર્ણતાના ધ્યેયને જેણે ધ્યેય તરીકે બાંધ્યું છે, ધ્યેય તરીકે નિશ્ચિત કર્યું છે એને સહજપણે કષાયની મંદતાના પરિણામ આવી જાય છે. તે આવી જાય છે છતાં એની મુખ્યતા કરતો નથી એ એની વિશિષ્ટતા છે.

જેને એ પરિણામ આવતા નથી અને તીવ્ર કષાયમાં પણ એને ખબર પડતી નથી કે મોક્ષમાર્ગમાં આવો તીવ્ર કષાય રાખીને હું કેવી રીતે આગળ વધીશ? એવી પણ જેને ખબર પડતી નથી એવા જીવને તો એ વ્રત કરે તો ફાયદો થશે એવું તો કાંઈ કહી શકાય એવું નથી. કેમકે એ મિથ્યાત્વની પુષ્ટીમાં ચાલ્યો જશે. માર્ગ તો માર્ગની રીતે જ છે. એમાં તો કોઈ જીવ માટે ફરે છે અને કોઈ જીવ માટે નથી ફરતો એમ નથી. એ તો સ્પષ્ટ કર્યું છે કે પ્રથમમાં પ્રથમ પૂર્ણતાના લક્ષે, પૂર્ણતાના ધ્યેયે વાસ્તવિકપણે શરૂઆત કરવાની છે. બાકીની બધી શરૂઆત અવાસ્તવિક છે.

એટલે અહીંયાં કોઈને કાંઈપણ બાહ્યાચરણમાંથી શિથિલતા કરાવીને એને કોઈ તીવ્ર પાપના પરિણામમાં લઈ જવાનો તો ક્યાંય હેતુ જ નથી. પણ યોગ્ય માર્ગે વાળવાનો, યોગ્ય દિશાસૂચન કરવાનો અભિપ્રાય રહેલો છે. એવો અર્થ કાઢવો જોઈએ. કોઈ એને પાપના પરિણામમાં લઈ જવા માટે કાંઈ આમાંથી એને કારણ મળી જશે એવો અનર્થ કાઢવો જોઈએ નહિ. એ સહજપણે આવે છે, યથાયોગ્યપણે આવે છે. છતાં કોઈ જીવનો અજાણતા દોષ રહી જાય તો એ દોષ એનો નીકળી જશે. જ્ઞાનની ભૂલ, આચરણની ભૂલ કોઈ ક્ષયોપશમના કારણે રહી જાય તો એ તો એની ભાવના પરિપૂર્ણ શુદ્ધિની છે એટલે નીકળી જતાં વાર લાગશે નહિ. એમ કહેવું છે. પણ જે પહેલા બાહ્યાચરણમાં સાવધાન છે કે બહારમાં આટલું-આટલું-આટલું તો ચોક્સાઈપણે પકડી જ રાખો અને પાળી જ રાખો. પછી જ બીજું કાંઈ આપણે વિચારવું છે એમ એની મુખ્યતા થઈ ગઈ તો એ મુખ્યતા શલ્યમાં પરિણમી જશે, મિથ્યાત્વની પુષ્ટિમાં પરિણમી જશે. એની અહીંયાં સાવધાની કરાવી છે.

(૩૪:૫૦ મિનિટ સુધી, પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑગસ્ટ-૨૦૨૧)નું શુલ્ક સ્વ. શ્રી હીરાલાલજી જૈન પરિવાર, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા મંગલ વાણી–સીડી–૧૦–B



પ્રશ્ન :– ...થવાનું નથી, બાધક નથી. જેમકે જેની ઝેરી દાઢ કાઢી નાખી છે એને સર્પ કાંઈ નુક્સાન કરી શકતો નથી. એમ જ્ઞાનીને અવિદ્યા રાગાદિ કાંઈ કરી શકતા નથી. એમ શ્રુતિનું વચન છે. છેલ્લી દાઢ કાઢી નાખીએ સાપની તો કાંઈ નુક્સાન કરે નહિ.

ઉત્તર :– કોણે પાડ્યું છે છાપું?

પ્રશ્ન :– ..નું વચન છે. અને મુંબઈ સમાચાર છાપું બહાર પડેને એમાં ઉપર એક ... આવે છે પાછળ.

ઉત્તર :– ... કાંઈ નુક્સાન કરી શકતા નથી. જેને જ્ઞાનદશા પ્રગટ થઈ છે એને રાગાદિ કાંઈ કરી શકતા નથી. રાગાદિ નથી એટલે જ્ઞાયકમાં નથી અને છે તો એને નુક્સાનકર્તા નથી, એને બાધક નથી. કારણ કે એણે જ્ઞાયકને ઓળખી લીધો છે, જ્ઞાયક નિરાળો થઈ ગયો છે. માટે એને નુક્સાનકર્તા નથી. અસ્થિરતા છે એ વાતને ગૌણ કરીને દ્રવ્યદષ્ટિની અપેક્ષાએ એને જ્ઞાતાધારા પ્રગટ થઈ છે માટે એને કાંઈ નુક્સાન કરતા નથી.

પ્રશ્ન :– 'સમયસાર'ની શૈલી લઈએ તો દૃષ્ટિની મુખ્યતાથી...

ઉત્તર :– દૃષ્ટિની મુખ્યતાથી એને કાંઈ નુક્સાનકર્તા નથી, એને કાંઈ બાધક નથી. એને લઈને એને કાંઈ આત્માને નુક્સાન થતું નથી. દૃષ્ટિની અપેક્ષાએ થતું નથી. બાકી અસ્થિરતામાં જે ખામી છે એ થોડી ખામી છે.

પ્રશ્ન :– એનું સંપાદન કોઈ જૈને કર્યું છે?

મુમુક્ષુ :– નહિ, આ તો મુંબઈ સમાચાર છે. લૌકિક છાપુ છે. અને કથન પણ શ્રુતિનું છે, જૈનનું નથી.

ઉત્તર :– અન્યમતિનું હોય એવું નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ બરાબર છે. અવિદ્યા એટલે રાગાદિ કાંઈ જાણતું નથી એમ. પોતે જ્ઞાનદશા પ્રગટ થઈ એટલે રાગાદિ કાંઈ કરી શકતા નથી.

પ્રશ્ન :– માતાજી! 'ગુરુદેવ'ના વચનામૃતમાં આવે છે કે સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. આહા..! કેટલી વિશાળ દૃષ્ટિ!

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિ બધાને જિનવર જાણે છે.

પ્રશ્ન :– અને જિનવરને જીવ જાણે છે. આહા..! કેટલી વિશાળ દૃષ્ટિ! આમાં વિશાળ દૃષ્ટિ કહીને શું કહેવા માગે છે?

ઉત્તર :– દૃષ્ટિ કેટલી દ્રવ્ય ઉપર વઈ ગઈ છે. કેટલી વિશાળ દૃષ્ટિ! પર્યાયને ગૌણ કરી નાખી. જિવ તે જિનવર અને જિનવર તે જીવ છે. કેટલી દૃષ્ટિની વિશાળતા એટલે પથાર્થ દૃષ્ટિ કેટલી વિશાળ! એમ. દરેક પર્યાયને ગૌણ કરીને એક દ્રવ્ય ઉપર જ જોવે છે. બધાને દ્રવ્યદૃષ્ટિથી જ જોવે છે. કેટલી દૃષ્ટિ વિશાળ! વિશાળ એટલે કેટલી એની વિશાળતા કે જેવો હું એવા જ બધાય છે. એમાં કાંઈ ભેદ દેખતા નથી. એમ વિશાળ. દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર છે. જેવું મારું દ્રવ્ય એવું બધાનું દ્રવ્ય છે. એવું બધાનું દ્રવ્ય એટલે કેટલી વિશાળતા છે! કોઈની પર્યાય ઉપર નહિ જોતા દ્રવ્ય ઉપર જોઈ રહ્યા છે. કેટલી ઉદાર દૃષ્ટિ! બધાને દ્રવ્ય દેખે, બધાને સિદ્ધ ભગવાન જેવા, જિનવર જેવા દેખે છે બધાને. એમાં કાંઈ ભેદ દેખતા નથી. દ્રવ્યને જ જોઈ રહ્યા છે.

પ્રશ્ન :– માતાજી! પર્યાયથી જોવું એ સંકુચિતપણું

છે? દૃષ્ટિનું સંકુચિતપણું કહેવાય?

ઉત્તર :- આ દ્રવ્યની અપેક્ષાએ વાત છે. દ્રવ્યની અપેક્ષાએ વિશાળતા. પર્યાયમાં એને વિવેક કરે તો એ કાંઈ એની સંકુચિતતા (છે) એમ નથી. એ તો યથાર્થ જ્ઞાન હોય. પર્યાયમાં એનો વિવેક કરે કે એ કઈ ભૂમિકાએ ઊભો છે એમ વિવેક તો કરે. એમ સંકુચિત અજ્ઞાનદશાની અપેક્ષાએ સંકુચિત કહેવાય. અજ્ઞાનદશામાં હું કેવો? આ કેવો? પોતાનો જરા ગુણ દેખીને પોતાની બડાઈ આવી જાય, બીજો નીચો, હું ઊંચો એમ અજ્ઞાનદશાની અપેક્ષાએ એમ સંકુચિત. બાકી યથાર્થ જ્ઞાન કરે, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ બધી વિશાળતા અને પર્યાયમાં જ્ઞાન કરે એ કઈ ભૂમિકા છે. એ અજ્ઞાનદશામાં છે કે સમ્યગ્દૃષ્ટિ છે કે ચારિત્રદશામાં છે એમ વિવેક તો કરે પર્યાયમાં. એની ભૂમિકા કેટલી છે એમ વિવેક કરે એટલે કાંઈ સંકુચિતદૃષ્ટિ નથી. દ્રવ્ય અને પર્યાય બધી રીતે (જાણે). દ્રવ્યદૃષ્ટિથી બધા સિદ્ધ ભગવાન જેવા, પર્યાયમાં એ સંસારદશામાં છે, સિદ્ધ છે. એમ પર્યાયથી પણ જ્ઞાન કરે.

મુમુક્ષુ :- પોતાને એક સમયની પર્યાય જેટલો અનુભવે તો એ દૃષ્ટિનું સંકુચિતપણું ખરું? અને હોય તો કઈ રીતે? આમાં જ્યારે વિશાળ દૃષ્ટિ કહી કે દ્રવ્યની દૃષ્ટિ તે વિશાળ દૃષ્ટિ. બધાને પરમાત્માસ્વરૂપે જોવા એમાં દૃષ્ટિની વિશાળતા. તો હું શરીર જેટલો છું, હું રાગી છું, હું એક સમયની પર્યાય જેટલો છું એ બધું પર્યાયદૃષ્ટિ છે. અને એ પર્યાયદૃષ્ટિ તે સંકુચિતપણું કોઈ અપેક્ષાએ લઈ શકાય?

ઉત્તર :- એ અજ્ઞાનદશામાં સંકુચિત છે. પર્યાય જેટલો જ પોતાને માને છે એટલે પર્યાયને ગૌણ નથી કરતો અને દ્રવ્ય ઉપર જોતો નથી. અજ્ઞાનની અપેક્ષાએ પર્યાયમાત્રને ગ્રહણ કરે છે માટે સંકુચિત છે. એકલી પર્યાયને ગ્રહણ કરે.

પ્રશ્ન :- દ્રવ્ય અનંતગણું છે અને પર્યાય એક સમયની છે, છતાં અજ્ઞાની પર્યાયને જ આત્મા આખો માને છે અને આખું દ્રવ્ય રહી જાય છે એ અપેક્ષાએ એને...

ઉત્તર :- એને સંકુચિત દૃષ્ટિ, આને વિશાળ છે. દ્રવ્યની જે અનંતતા છે એ જોતો નથી અને પર્યાય ક્ષણ પૂરતો માને છે. એટલે પોતાને એટલો એક ક્ષણ પૂરતો એવો ક્ષણે ક્ષણે બદલાય એવો માને છે માટે એની દૃષ્ટિ સંકુચિત છે. પોતાના દ્રવ્યને અનંત શક્તિથી ભરેલો જોતો નથી. માટે એ અપેક્ષાએ વિશાળ દૃષ્ટિ છે.

પ્રશ્ન :- એમાં બેય લઈ લેવું, એક તો પોતાની આ રીતે જોવું એ પણ વિશાળ દૃષ્ટિ છે અને એવી દૃષ્ટિ પ્રગટ થતાં બધા આત્મા પરમાત્મસ્વરૂપે છે...

ઉત્તર :- એવું એની દૃષ્ટિમાં એવું આવે છે. એ બહાર જોવા જતો નથી. પણ પોતાને દ્રવ્ય દેખે એટલે એ બધાને દ્રવ્ય દેખે છે. એના જ્ઞાનમાં બધાને દ્રવ્ય અપેક્ષાએ દેખે છે. એક પર્યાય જેટલો પોતાને માને છે એ પોતાની સંકુચિત દૃષ્ટિ છે. એવી રીતે બીજાને જોવે છે. એવી સંકુચિ દૃષ્ટિ છે. પોતાને અનંતતાથી ભરેલો પોતાને જોતો નથી. (એમ જોવે) તો એની દૃષ્ટિ વિશાળ અને નિર્મળ થઈ જાય છે.

પ્રશ્ન :- પોતાને અનંતરૂપે જોવો એ દૃષ્ટિની વિશાળતા છે?

ઉત્તર :- વિશાળતા છે. અનંત એટલે આમ ભેદ પાડીને જોતો નથી. પોતાની અનંત શક્તિથી ભરેલો હું છું. એક પર્યાય પૂરતો નથી પણ અનંત–અનંત શાશ્વત અનંત શક્તિઓથી ભરેલો છું.

પ્રશ્ન :- બહુ સુંદર વાત કરી. અભેદપણે જોવે છે આવી રીતે.

ઉત્તર :- અભેદપણે જોવે છે.

પ્રશ્ન :- માતાજી! થોડા દિવસ પહેલા આપના શ્રીમુખેથી એમ આવ્યું હતું કે જ્ઞાયકને યથાર્થ ... અથવા તો જ્ઞાયક તત્ત્વનો યથાર્થ નિર્ણય કરીને ખરેખર તો એણે સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે, એને વિકલ્પ કર્યા કરવાના નથી. સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે એમાં કાંઈ વિશેષ આપ સ્પષ્ટ કરી શકો? આવી રીતે જ્ઞાયકને ઓળખીને સ્થિરતા કરવાની છે. સ્થિરતા કરવી એટલે વિકલ્પ તો એક ક્ષણ પણ આવ્યા વિના રહેતા નથી. અને છતાં

સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે એમ કહીને આપે શું કહેવું છે?

ઉત્તર :- જ્ઞાયકનો યથાર્થ નિર્ણય અને નિઃશંકતા થાય, નિઃશંકતા થાય પછી બહાર જનારા જે વિકલ્પ, બહાર જે એની પરિણતિ અસ્થિરતાની જેમ ફર્યા કરે છે. ઘડીમાં કાંઈ વિકલ્પ... ઘડીમાં કાંઈ વિકલ્પ... ઘડીમાં કાંઈ વિકલ્પ.. અસ્થિરતાની જેમ જે પરિણતિ દોડ્યા કરે છે બહાર. એને જે નિર્ણય કર્યો એને દૃઢ કરીને જ્ઞાયકનું અવલંબન લઈને, જ્ઞાયક એક જ્ઞાયકને ગ્રહણ કરીને એમાં ઠરી જવું. ચારેય બાજુ વિકલ્પની દોડાદોડ (થાય છે) એનાથી એને પાછો વળીને, વિકલ્પને મર્યાદામાં લાવીને પોતામાં અસ્થિરતાને બદલે એક ઠેકાણે સ્થિર રહેવું એમ. સ્થિરતાનો પ્રયત્ન એટલે એમ.

એ જ્ઞાયકને જ્ઞાતાધારા એમાં જ્ઞાતાધારા આવી ગઈ, એમાં ઠરવાનું આવી ગયું, એમાં સ્થિરતા આવી ગઈ. પોતે વિકલ્પની આકુળતામાં દોડાદોડી કરતો હતો એનાથી એને મર્યાદામાં લાવીને પોતે જ્ઞાયક, હું જ્ઞાતા છું, હું તો જ્ઞાતા એમ આવી ગયું. એમાં સ્થિર થઈ ગયો, એમાં અડગ થઈ ગયો, નિઃશંક બધું એમાં થઈ ગયો. ઠરવાનો પ્રયત્ન એમ. ઠરવાનો એટલે સ્થિરતા કરવાનો.

પ્રશ્ન :- હું એક અખંડ જ્ઞાયક છું એવો સાચો નિર્ણય કરીને બુદ્ધિપૂર્વક મનનું અવલંબન ન લેવું એમ આપને કહેવું હતું?

ઉત્તર :- બુદ્ધિપૂર્વક મનનું અવલંબન આવે છે, પણ એને દોડાદોડી ચારે બાજુ એને ઘડીમાં આ વિકલ્પ, વિકલ્પ (થાય છે). જો નિઃશંક થઈ ગયો છે તો એને ગ્રહણ કરીને એમાં તું સ્થિર થઈ જા, એમાં તું ઠરી જા. વિકલ્પની દોડાદોડ નિષ્પ્રયોજન (છે). નિષ્પ્રયોજન વિકલ્પની હારમાળા ઊભો રહે એના કરતા તું સ્વરૂપમાં ઠરી જા, એમાં સ્થિર થઈ જા એમ કહેવું છે. છતાં પણ એ સ્થિર ન રહી શકે તો વિચારો તો શ્રુતના અનેક જાતના આવે છે, અનેક જાતના આવે છે. તોપણ તારા મતિશ્રુતનો ઉપયોગ એને મર્યાદામાં લાવીને તું સ્વરૂપ તરફ જા એમ આવે છે. મતિશ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે એને મર્યાદામાં લાવી દે. એટલે તું તારા તરફ વળી જા. એટલે તું તારામાં સ્થિર થા, તારામાં ઠરી જા. એટલે ઉપયોગ બહાર જાય છે એને ટૂંકો કરીને અંતરમાં તું જા એમ કહેવું છે.

પ્રશ્ન :- માતાજી! આ શ્રદ્ધા અપેક્ષાએ કે ચારિત્ર અપેક્ષાએ?

ઉત્તર :- ચારિત્ર—સ્વરૂપ રમણતા એ એક જાતનું ચારિત્ર છે. શ્રદ્ધાની અપેક્ષાએ સ્થિર થવાનું છે. શ્રદ્ધામાં પણ સ્થિરતા આવે છે. ચારિત્ર જે દેશવ્રત અને અણુવ્રત પંચ મહાવ્રત એ જુદું છે અંતરનું. આ તો શ્રદ્ધામાં પણ ચારિત્રનું, સ્વરૂપ રમણતાનું ચારિત્ર આવે છે. શ્રદ્ધા અપેક્ષાએ છે. એમાં પણ ઠરવાનું અને સ્થિર થવાનું એમાં પણ આવે છે.

પ્રશ્ન :- માતાજી! સામાન્યપણે શું થતું હોય છે કે હું એક અખંડ જ્ઞાયક છું. તત્ત્વનો નિર્ણય યથાર્થ હો એ પ્રકાર અને યથાર્થ ન હો એ બીજો પ્રકાર. પણ એના વિકલ્પની હારમાળા જ્યારે, હું એક અખંડ જ્ઞાયક છું, શુદ્ધ છું, પરિપૂર્ણ છું એમ વિકલ્પોની હારમાળા ચાલ્યા કરતી હોય, જાણે કે અભિપ્રાયમાં કેમ વિકલ્પથી પ્રાપ્ત થવાનો હોય. અત્યારે આપણે સાંભળ્યું છે એટલે ખ્યાલ આવે છે કે વિકલ્પ એ કાંઈ આત્મા પ્રાપ્તિનું બહિર્મુખ વલણ છે આખું એટલે એનાથી પ્રાપ્ત ન થાય. તો એવો નિર્ણય કરીને સ્થિરતા કર. એમ જે વજન આપનું હતું તો એમાં એમ કહેવું હતું કાંઈક સ્થિરતા કરે એટલે બુદ્ધિપૂર્વકના તો.. જેમ આપે હમણા કહ્યું કે ઇન્દ્રિયોને એને અંતરમાં તું લઈ જા.

ઉત્તર :- હું અખંડ છું, જ્ઞાયક છું, શુદ્ધ છું એ બધા વિચારો આવ્યા કરે. બીજા વિચારો આવે એની સાથે હું તો આ નથી, હું તો અખંડ જ્ઞાયક છું, હું તો અખંડ જ્ઞાયક એમ વિકલ્પ આવે. પણ અખંડ જ્ઞાયક તે કોણ છે? હું અખંડ જ્ઞાયક છું એમ વિકલ્પની પાછળ તું ઠરી જા એમ કહેવું હતું. પણ યથાર્થ જ્ઞાયક ગ્રહણ થયો

હોય તો એમાં ઠરેને. જ્ઞાયક ગ્રહણ થયો હોય તો વિકલ્પની સાથે જે જ્ઞાયક રહેલો છે એ જ્ઞાયકમાં ઠરી જા એમ કહેવું હતું. પણ એ જ્ઞાયક ગ્રહણ થયો હોય તો એમાં ઠરવાનો પ્રયત્ન કરે. નહિતર હું અખંડ છું, જ્ઞાયક છું એમ વિકલ્પની હારમાળા આવ્યા જ કરે. જ્ઞાયક ગ્રહણ થયો હોય તો એમાં ઠરે.

પ્રશ્ન :- એવા જ્ઞાયકનું ગ્રહણ થયું હોય તો તેને બાહ્ય પ્રવૃત્તિમાં કાંઈ દેખાય કે જોવામાં આવે કે કાંઈ આ પરિવર્તન થયું છે કે નહિ?

ઉત્તર :- યથાર્થપણે જ્ઞાયક ગ્રહણ થયો હોય, એવી જ્ઞાતાધારા ચાલુ થઈ હોય તો એના લક્ષણથી ઓળખાય ખરું. પણ એ પોતે ઓળખવાની પોતામાં એટલી શક્તિ હોય તો ઓળખે.

પ્રશ્ન :- પોતાને તો એવી જાતનું કાંઈ ...

ઉત્તર :- પોતે પોતાને તો ઓળખી શકે. બીજા ઓળખે એ એને શક્તિ હોય તો ઓળખે. પોતે તો ઓળખી જ શકે. પોતાને આનંદ થયો એ પોતે તો ઓળખી શકે અને પકડી શકે. પોતે પોતાથી કાંઈ છાનો રહેતો નથી. પોતે તો યથાર્થપણે ઓળખી શકે.

પ્રશ્ન :- એ આનંદ કઈ જાતનો છે?

ઉત્તર :- એ આનંદ વાણીમાં તો કાંઈ આવે નહિ. આત્મા અનુપમ છે એને કાંઈ ઉપમા તો દેવાય નહિ. પણ એ તો આત્મામાંથી પ્રગટ થતો આનંદ એને કાંઈ ઉપમા લાગુ પડતી નથી, કોઈ વિકલ્પની અપેક્ષા લાગુ પડતી નથી. જે આત્મામાંથી સહજ પ્રગટ થાય છે એ પોતે સ્વાનુભૂતિમાં એને ગ્રહણ થાય છે. એ અનુપમ છે એને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

આત્મામાં એક આનંદસ્વભાવ ગુણ છે અને એ ગુણ એને વિકલ્પની આકુળતા તૂટી જાય અને વિકલ્પ છૂટી જાય. વાંહે એક પોતે જ ઊભો રહે છે જ્ઞાયક. પોતે સ્વયં વિકલ્પની હારમાળા તૂટીને જે જ્ઞાયક ઊભો રહે છે એ જ્ઞાયકમાં જે ગુણો છે તે પ્રગટ થાય છે, એની પરિણતિ પ્રગટ થાય છે. એમાં આનંદાદિ ગુણો જે પ્રગટ થાય છે એ પોતે અનુભૂતિમાં ગ્રહણ કરી શકે છે. એને નિઃશંકપણે ગ્રહણ કરી શકે છે. એમાં એને શંકા પડતી નથી. કોઈને પૂછવા જાવું પડતું નથી. પોતે જ ગ્રહણ કરી શકે છે.

પ્રશ્ન :- એવો આદેશ, ઉપદેશ સુણીને પણ તેની વૃત્તિમાં મજબુતી આવતી નથી એનું શું કારણ છે? દઢતા નથી આવતી.

ઉત્તર :- મજબુતી નહિ આવવાનું કારણ પોતે છે, પોતે જ છે બીજું કોઈ નથી. પોતે મજબુતી લાવે તો આવે. મજબુતી પોતે લાવતો નથી. અનાદિના અભ્યાસમાં ચાલ્યો જાય છે. એને દેખાતું નથી, મજબુતી આવતી નથી. પણ એણે લક્ષણોથી આત્માને ઓળખીને નક્કી કરવું જોઈએ કે જે આત્મા સુખ-આનંદ ઈચ્છી રહ્યો છે એ પોતે જ સ્વયં સખરૂપ છે. એને બહારથી સુખ-સુખ ઈચ્છતો સુખની ઝંખના કર્યા કરે છે, આનંદની ઝંખના કર્યા કરે છે પણ બહારથી મળતું નથી. આકુળતા-આકુળતા ઊભી રહે છે. એની પાછળ આકુળતા જ હોય છે. માટે સુખસ્વરૂપ જે સુખને ઈચ્છાનારો છે એ પોતે જ સુખસ્વરૂપ છે. માટે બહારના આશ્રય તૂટી જાય એકલો પોતે જ રહી જાય તો સ્વયં એ પોતામાંથી જ આનંદ અને સુખ પ્રગટે છે. એનો નિર્ણય પોતે કરે તો થાય છે.

પ્રશ્ન :- બહારથી હિતબુદ્ધિ હજી છૂટી નથી ત્યાં સુધી?

ઉત્તર :- હિતબુદ્ધિ છૂટી નથી. એટલે પોતામાં જ હિત રહેલું છે એમ નક્કી થાય તો પોતે જ પોતાનો આશ્રય લે અને પોતામાંથી જ પ્રગટ થાય.

પ્રશ્ન :- પરથી હિતબુદ્ધિ છોડવાનો ઉપાય પોતાને જ કરવાનો છે.

ઉત્તર :- પોતાને જ કરવાનો રહે છે. કોઈ નથી કરી દેતું. પોતાની રુચિ બહારમાં જાય, પોતે બહાર દોડે છે માટે પોતા તરફ વળતો નથી, શ્રદ્ધા કરતો નથી પોતે જ. કોઈ પરાણે કરાવી દે તો પાછું કોઈક લઈ લે. માટે પોતે જ કરવાનું રહે છે. પોતે જ નક્કી કરીને, પોતે જ દઢતા કરીને પોતા તરફ વળવાનું રહે છે.

## ધન્ય અવતાર !
### પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગારો

બેન વિદેહથી આવ્યા છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ....આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે-અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે. (૫૧)

❖

તા.૧૯-૮-૮૦

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે. (૫૨)

❖

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે-છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી - દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે. (૫૩)

❖

તા.૧૯-૨-૭૮

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં-આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ! (૫૪)

❖

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબેતો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી-બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે. (૫૫)

❖

અહાહા! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર-ઘણો સારો; શાન્ત-શાન્ત!! (૫૬)

❖

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી-ગુપત છે નહિ. (૫૭)

❖

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ...અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! - 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે. (૫૮)

❖



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

પહેલાં તો ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. ધારણામાં પણ અહીંનું (આત્માનું) લક્ષ હોવું જોઈએ. (૫૨૧)

***

ઉલ્લાસમાં ઉલ્લાસ આવી જાય, તે યોગ્ય નથી. (રાગ થવો તે એટલો અપરાધ નથી જેટલો તે રાગનો રાગ થવો. કારણ કે રાગનો રાગ અનંતાનુબંધીનો કષાય છે.) (૫૨૬)

***

સાંભળવું, વાંચવું, ચર્ચા કરવી તે બધી ઉપર-ઉપરની વાત છે; ખરેખર તો અંદરમાં જામી જવું જોઈએ, સ્વરૂપમાં ઊંડાં ઉતરી જવું જોઈએ. (૫૩૦)

***

પ્રશ્ન : શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો ?

ઉત્તર : ‘હું પરિણામ માત્ર નથી’ ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપવું — એ જ એક ઉપાય છે. (૫૩૨)

***

એક જ ‘માસ્ટર કી’ (Master Key) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે. ‘ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે.’ (૫૩૩)

***

આ (ધ્રુવ દૃષ્ટિનું) બળ આવ્યા વિના, (જીવ) બીજી જગ્યાએ અટકશે જ. (૫૩૫)

***

સાંભળવામાં પણ એકાંત ઉલ્લાસ નહિ હોવો જોઈએ, દીનતા લાગવી જોઈએ, ખેદ હોવો જોઈએ. (મુમુક્ષુની ભૂમિકામાં જેને સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર લગની છે તેને સ્વરૂપની અપ્રાપ્તિમાં, સાંભળવા આદિના ભાવમાં પણ અસંતોષ/ખેદ વર્તે છે.) (૫૫૧)

***




## પત્રાંક-૨૬૨

મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૭

ઉપાધિના ઉદયને લીધે પહોંચ આપવાનું બની શક્યું નથી, તે ક્ષમા કરશો. અત્ર અમને ઉપાધિના ઉદયને લીધે સ્થિતિ છે. એટલે તમને સમાગમ રહેવો દુર્લભ છે.

આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સત્સંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતોવખત અને પ્રસંગે પ્રસંગે કર્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઈચ્છા, અસત્સંગમાં ઉદાસીનતા રહેવામાં મુખ્ય કારણ તેવો પુરુષાર્થ છે, એમ જાણી જે કંઈ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.

અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે 'શું કરવું ?' અથવા 'કોઈ પ્રકારે થતું નથી ?' એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે, તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે, તેને કંઈ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે, અને કોઈ પ્રકારે થતું નથી એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે, અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

દોષ કરે છે એવી સ્થિતિમાં આ જગતના જીવોના ત્રણ પ્રકાર જ્ઞાનીપુરુષે દીઠા છે. (૧) કોઈ પણ પ્રકારે જીવ દોષ કે કલ્યાણનો વિચાર નથી કરી શક્યો, અથવા કરવાની જે સ્થિતિ તેમાં બેભાન છે, એવા જીવોનો એક પ્રકાર છે. (૨) અજ્ઞાનપણાથી, અસત્સંગના અભ્યાસે ભાસ્યમાન થયેલા બોધથી દોષ કરે છે તે ક્રિયાને કલ્યાણસ્વરૂપ માનતા એવા જીવોનો બીજો પ્રકાર છે. (૩) ઉદયાધીનપણે માત્ર જેની સ્થિતિ છે, સર્વ પરસ્વરૂપનો સાક્ષી છે એવો બોધસ્વરૂપ જીવ, માત્ર ઉદાસીનપણે કર્ત્તા દેખાય છે; એવા જીવોનો ત્રીજો પ્રકાર છે.

એમ ત્રણ પ્રકારના જીવસમૂહ જ્ઞાનીપુરુષે દીઠા છે. ઘણું કરી પ્રથમ પ્રકારને વિષે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિના પ્રકારને વિષે તદાકાર-પરિણામી જેવા ભાસતા એવા જીવો સમાવેશ પામે છે. જુદા જુદા ધર્મની નામક્રિયા કરતા એવા જીવો, અથવા સ્વચ્છંદ-પરિણામી એવા પરમાર્થમાર્ગે ચાલીએ છીએ એવી બુદ્ધિએ ગૃહીત જીવો તે બીજા પ્રકારને વિષે સમાવેશ પામે છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિ એ આદિ ભાવને વિષે જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, અથવા થયા કરે છે; સ્વચ્છંદ-પરિણામ જેનું ગળિત થયું છે, અને તેવા ભાવના વિચારમાં નિરંતર જેનું રહેવું છે, એવા જીવના દોષ તે ત્રીજા પ્રકારમાં સમાવેશ થાય છે. જે પ્રકારે ત્રીજો સમૂહ સાધ્ય થાય તે પ્રકાર વિચાર છે. વિચારવાન છે તેને યથાબુદ્ધિએ, સદ્‌ગ્રંથે, સત્સંગે તે વિચાર પ્રાપ્ત થાય છે, અને અનુક્રમે દોષરહિત એવું સ્વરૂપ તેને વિષે ઉત્પન્ન હોય છે. આ વાત ફરી ફરી સૂતાં તથા જાગતાં અને બીજે બીજે પ્રકારે વિચારવા, સંભારવા યોગ્ય છે.

***